# ધોરણ-10નું અત્યાર સુધીનું સૌથી વધુ 83.86 પરિણામ- સૌથી વધુ નર્મદા જિલ્લાનું 90.85 ટકા

ગાંધીનગર : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ 2026માં લેવાયેલી ધોરણ-10ની પરીક્ષાનું આજે 83.86 ટકા પરિણામ બોર્ડની વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યું છે. આ પરિણામ ગત વર્ષની સરખામણીએ 1.30 ટકાનો વધારો થયો છે.

આ વખતે ધોરણ 10માં કુલ 7,69,993 વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી 7,56,392 પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી 6,34,327 પરીક્ષાર્થીઓ પાસ થતાં નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ 83.86 ટકા જાહેર કરવામાં આવ્યું છે.

ધોરણ 10ના પરિણામમાં સૌથી વધુ પરિણામ નર્મદા જિલ્લાનું 90.85 ટકા, જ્યારે સૌથી ઓછું પરિણામ પંચમહાલ જિલ્લાનું 76.42 ટકા આવ્યું છે. કેન્દ્રની વાત કરીએ તો સૌથી ઓછું પરિણામ દાહોદ જિલ્લાના મુનખોસલા કેન્દ્રનું 33.74 ટકા જ્યારે સૌથી વધુ ગાંધીનગર જિલ્લાના આજોલ કેન્દ્રનું 100 ટકા પરિણામ આવ્યું છે.

ગ્રેડવાર પરિણામ જોઈએ તો, આ વખતે સૌથી વધુ 1,48,215 વિદ્યાર્થીઓએ B-2 ગ્રેડ મેળવ્યો છે. જ્યારે A-1 ગ્રેડમાં 35,5008, A-2 ગ્રેડમાં 90,863 B-1 ગ્રેડમાં 1,22,184, C-1 ગ્રેડમાં 1,46,647, C-2 ગ્રેડમાં 83,621, D ગ્રેડમાં 7278 અને E-1 ગ્રેડમાં 11 વિદ્યાર્થીઓએ મેળવ્યો છે.

ધોરણ 10ના પરિણામમાં ફરી એક વખત છોકરીઓએ મેદાન માર્યું છે. છોકરીઓનું પરિણામ 88.28 ટકા જ્યારે છોકરાઓનું પરિણામ 80.12 ટકા આવ્યું છે. અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓનું પરિણામ 92.50 ટકા અને ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનું પરિણામ 82.67 ટકા નોંધાયું છે. આ વખતે 1697 શાળાઓએ 100 ટકા પરિણામ મેળવ્યું છે. જ્યારે 164 શાળાઓનું પરિણામ 30 ટકા કરતાં ઓછું આવ્યું છે, તો વળી 39 શાળાઓનું પરિણામ 0 ટક આવ્યું છે.

**ધોરણ 10ના પરિણામમાં છોકરીઓ અગ્રેસર**

આજે જાહેર થયેલા ધોરણ 10ના પરિણામમાં ફરી એક વખત 88.28 ટકા સાથે વિદ્યાર્થીનીઓ આગળ રહી છે.

રાજ્યમાં ધોરણ 10માં 353,771 વિદ્યાર્થીનીઓ પરીક્ષામાં નોંધાઈ હતી. જેમાંથી 3,46,551 પરીક્ષાર્થી વિદ્યાર્થીનીઓએ પરીક્ષા આપી હતી, તે પૈકી 3,05,943 વિદ્યાર્થીનીઓ પાસ થતાં કુલ પરિણામ 88.28 ટકા નોંધાયું છે.

તેવી જ રીતે છોકરાઓની વાત કરીએ તો આ વખતે ધોરણ 10માં 4,16,252 વિદ્યાર્થીઓ પરીક્ષામાં નોંધાયા હતા. જેમાંથી 4,09,841 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જે પૈકી 3,28,384 વિદ્યાર્થી પરીક્ષાર્થીઓ પાસ થતા તેમનું પરિણામ 80.12 ટકા આવ્યું છે. આમ ફરી એક વખત રાજ્યમાં બોર્ડની પરીક્ષામાં છોકરીઓ અગ્રસ્થાને રહી છે.

**વિવિધ માધ્યમ પ્રમાણે પરિણામ**

ગુજરાતી 82.67 ટકા, હિન્દી 77.20 ટકા, મરાઠી 81.29 ટકા, અંગ્રેજી 92.50 ટકા, ઉર્દુ 81.09 ટકા અને ઓરિયા 81.45 ટકા પરિણામ આવ્યું છે.

**ગ્રેડવાર પરિણામ સૌથી વધુ 1,48,215 પરીક્ષાર્થીઓએ B-2 ગ્રેડ મેળવ્યો**

આજે જાહેર થયેલા ધોરણ 10ના પરિણામમાં ગ્રેડવાર પરિણામ જોઈએ તો સૌથી વધુ 1,48,215 વિદ્યાર્થીઓએ B-2 ગ્રેડ મેળવ્યો છે.

જ્યારે A-1 ગ્રેડમાં 35,5008, A-2 ગ્રેડમાં 90,863, B-1 ગ્રેડમાં 1,22,184, C-1 ગ્રેડમાં 1,46,647, C-2 ગ્રેડમાં 83,621, D ગ્રેડમાં 7,278 અને E-1 ગ્રેડ 11 વિદ્યાર્થીઓએ મેળવ્યો છે.

**વિષયવાર પરિણામ -ગણિત સ્ટાન્ડર્ડ 99.63 ટકા**

ધોરણ 10ના જાહેર થયેલા પરિણામમાં મુખ્ય વિષયનું પરિણામ જોઈએ તો સૌથી વધુ પરિણામ સ્ટાન્ડર્ડ ગણિતનું 99.63 ટકા આવ્યું છે.

તેવી જ રીતે ગુજરાતી (એફએલ) 92.22 ટકા, હિન્દી (એફએલ) 93.25 ટકા, અંગ્રેજી (એફએલ) 98.11 ટકા, સોશિયલ સાયન્સ 94.15 ટકા, સાયન્સ 87.48 ટકા, ગુજરાતી (એસએલ) 95.12 ટકા, હિન્દી (એસએલ) 92.64 ટકા, અંગ્રેજી (એસએલ) 93.20 ટકા, સંસ્કૃત (એફએલ) 96.07 ટકા, અને બેઝિક ગણિત 84.86 ટકા પરિણામ આવ્યું છે.

### ધોરણ 10નું પરિણામ એક નજરે

| | |
|---|---|
| **કુલ પરીક્ષા કેન્દ્રો** | **1006** |
| નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ | 83.86 ટકા |
| ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલનું પરિગણામ | 28.22 ટકા |
| સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર ગાંધીનગરનું આજોલ | 100 ટકા |
| ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર દાહોદનું મુનખોડલા | 33.74 ટકા |
| ઓછું પરિણામ ધરાવતો જિલ્લો પંચમહાલ | 76.42 ટકા |
| વધુ પરિણામ ધરાવતો જિલ્લો નર્મદા | 90.85 ટકા |
| 100 ટકા પરિણામ ધરાવતી શાળાઓ | 9697 |
| 30 ટકા કરતાં ઓછું પરિણામ ધરાવતી શાળાઓ | 164 |
| ઝીરો ટકા પરિણામ ધરાવતી શાળાઓ | 39 |
| વિદ્યાર્થીઓનું પરિણામ | 80.12 ટકા |
| વિદ્યાર્થીનીઓનું પરિણામ | 88.28 ટકા |
| અંગ્રેજી માધ્યમનું પરિણામ | 92.50 ટકા |
| ગુજરાતી માધ્યમનું પરિણામ | 82.67 ટકા |
| હિન્દી માધ્યમનું પરિણામ | 77.20 ટકા |
| ગેરરીતીના કિસ્સા | 05 |
| સીસીટીવી ફૂટેજ થી ગેરેરીતિના કેસ | 233 |
| દિવ્યાંગ પરીક્ષાર્થીઓની સંખ્યા | 4738 |

### ધોરણ-10 પૂરક પરીક્ષા-2026 માટે ઓનલાઇન અરજી ફરજિયાત

ગાંધીનગર : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ની મુખ્ય પરીક્ષા-2026માં ગેરહાજર રહેલા, અનુત્તીર્ણ થયેલા અથવા પરિણામ સુધારવા ઇચ્છતા વિદ્યાર્થીઓ પૂરક (Best of Two)-2026 પરીક્ષામાં ભાગ લઈ શકશે. આ પરીક્ષાના આવેદનપત્રો બોર્ડની સત્તાવાર વેબસાઇટ www.gseb.org પરથી શાળાઓ મારફતે ઓનલાઇન ભરવાના રહેશે. પુરક પરીક્ષા માટે ફી માળખા મુજબ, એક વિષય માટે રૂ. 155, બે વિષયો માટે રૂ. 225, ત્રણ વિષયો માટે રૂ. 285 અને ત્રણથી વધુ વિષયો માટે રૂ. 415 ફી નક્કી કરવામાં આવી છે. વિદ્યાર્થીનીઓ (છોકરી) અને દિવ્યાંગ ઉમેદવારોને ફીમાંથી મુક્તિ આપવામાં આવી છે.

### પર્સન્ટાઈલ રેન્કનું વિવરણ

| પર્સન્ટાઇલ રેન્ક | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| 99 થી ઉપર | 7579 |
| 98 થી ઉપર | 15,294 |
| 97 થી ઉપર | 22,615 |
| 96 થી ઉપર | 30,524 |
| 95 થી ઉપર | 38,013 |
| 94 થી ઉપર | 45,597 |
| 92 થી ઉપર | 60,721 |
| 90 થી ઉપર | 76,947 |
| 85 થી ઉપર | 1,15,879 |
| 80 થી ઉપર | 1,54,061 |
| 75 થી ઉપર | 1,92,051 |
| 70 થી ઉપર | 2,30,750 |
| 65 થી ઉપર | 2,69,688 |
| 60 થી ઉપર | 3,08,444 |
| 55 થી ઉપર | 3,48,804 |
| 40 થી ઉપર | 4,64,431 |
| 30 થી ઉપર | 5,38,682 |
| 20 થી ઉપર | 6,04,796 |
| ઝીરો થી ઉપર | 6,39,324 |

### ધોરણ 10ના નિયમિત પરીક્ષાર્થીઓનું જિલ્લાવાર પરિણામ

| જિલ્લો | ટકા |
|---|---|
| અમદાવાદ શહેર | 79.99 ટકા |
| અમદાવાદ ગ્રામ્ય | 82.52 ટકા |
| અમરેલી | 79.75 ટકા |
| આણંદ | 82.29 ટકા |
| અરવલ્લી-મોડાસા | 88.88 ટકા |
| બનાસકાંઠા | 90.19 ટકા |
| ભરૂચ | 84.15 ટકા |
| ભાવનગર | 86.06 ટકા |
| બોટાદ | 87.59 ટકા |
| છોટાઉદેપુર | 82.42 ટકા |
| દાહોદ | 77.35 ટકા |
| ડાંગ આહવા | 88.17 ટકા |
| દેવભૂમિ દ્વારકા | 80.28 ટકા |
| ગીર સોમનાથ | 82.34 ટકા |
| જામનગર | 85.08 ટકા |
| ખેડા | 77.90 ટકા |
| કચ્છ | 84.64 ટકા |
| મહીસાગર | 82.60 ટકા |
| મહેસાણા | 88.14 ટકા |
| મોરબી | 89.13 ટકા |
| નવસારી | 84.61 ટકા |
| નર્મદા | 90.85 ટકા |
| પંચમહાલ | 76.42 ટકા |
| પાટણ | 83.27 ટકા |
| પોરબંદર | 79.59 ટકા |
| રાજકોટ | 88.11 ટકા |
| સાબરકાંઠા | 82.91 ટકા |
| સુરત | 86.04 ટકા |
| સુરેન્દ્રનગર | 88.02 ટકા |
| તાપી | 83.22 ટકા |
| વડોદરા | 78.38 ટકા |
| વલસાડ | 79.80 ટકા |
| દાદરાનગર હવેલી | 83.45 ટકા |
| દમણ | 95.12 ટકા |
| દીવ | 98.07 ટકા |

# ભાજપના પાંચ નેતાઓ પશ્ચિમ બંગાળના મુખ્ય મંત્રી બનવાની રેસમાં છે

પશ્ચિમ બંગાળમાં ભાજપની ઐતિહાસિક જીત પછી હવે સૌથી મોટો પ્રશ્ન એ ઊભો થઈ રહ્યો છે કે રાજ્યમાં મુખ્યમંત્રી તરીકે ભાજપ કયો ચહેરો પસંદ કરી શકે છે. ભારતીય જનતા પાર્ટીએ ૨૦૭ બેઠકો જીતી છે, જ્યારે ટીએમસી ૮૯ બેઠકો પર આવી ગઈ છે. ભાજપે પશ્ચિમ બંગાળમાં સત્તાવાર રીતે પોતાનો મુખ્ય પ્રધાનપદનો ચહેરો જાહેર કર્યો નથી. રાજસ્થાન, છત્તીસગઢ અને મધ્યપ્રદેશ જેવાં કેટલાંક રાજ્યોમાં પણ ભાજપે મુખ્ય મંત્રીપદનો ચહેરો જાહેર કર્યો ન હતો અને ત્યાં આશ્ચર્યજનક રીતે એક નવા ચહેરાને મુખ્ય મંત્રી બનાવવામાં આવ્યો. પશ્ચિમ બંગાળમાં મુખ્ય મંત્રીની રેસમાં સૌથી આગળ સુવેન્દુ અધિકારી છે, જેમણે ભવાનીપુર બેઠક પર મમતા બેનરજીને પરાજયનો સ્વાદ ચખાડ્યો છે, પણ સુવેન્દુ અધિકારી જ પશ્ચિમ બંગાળના આગામી મુખ્ય મંત્રી બનશે તેમ કોઈ છાતી ઠોકીને કહી શકે તેમ નથી. ગુજરાતમાં છેક છેલ્લી ઘડીએ ભૂપેન્દ્ર પટેલનું નામ મુખ્ય મંત્રી તરીકે જાહેર કરવામાં આવ્યું હતું તેમ ભાજપનું મોવડીમંડળ પોતાની તાકાત દેખાડવા કોઈ નવા ચહેરાને પણ મુખ્ય મંત્રી બનાવી શકે છે.

ભાજપ દ્વારા હજુ સુધી કોઈ નામની ચર્ચા કરવામાં આવી નથી. મુખ્ય મંત્રી તરીકે સંપૂર્ણપણે નવા ચહેરાઓની નિમણૂક કરવાના ભાજપના ટ્રેક રેકોર્ડને જોતાં, સસ્પેન્સ અંત સુધી ચાલુ રહેવાની શક્યતા છે. તૃણમૂલ કોંગ્રેસે દાવો કર્યો હતો કે જો ભાજપ જીતશે તો મુખ્ય મંત્રી બહારનો વ્યક્તિ હશે. તેના જવાબમાં પશ્ચિમ બંગાળ ચૂંટણી પ્રચાર દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એક રેલીમાં કહ્યું હતું કે નવા મુખ્યમંત્રી બંગાળના હશે. મુખ્યમંત્રી તરીકે સંપૂર્ણપણે નવા ચહેરાઓની નિમણૂક કરવાના ભાજપના ટ્રેક રેકોર્ડને જોતાં સસ્પેન્સ અંતિમ સમય સુધી ચાલુ રહેવાની શક્યતા છે. આમ છતાં ઘણા નેતાઓને સંભવિત દાવેદાર તરીકે ચર્ચવામાં આવી રહ્યા છે. પશ્ચિમ બંગાળના રાજકારણ પર નજર રાખનારા નિષ્ણાતો કહે છે કે મુખ્યમંત્રી પદ માટેના ઉમેદવારની પસંદગી વખતે રાજકીય અને સંગઠનાત્મક પ્રભાવને પ્રાધાન્ય આપવામાં આવી શકે છે.

ટૂંકું પોઇન્ટ

■ સંજય વોરા ■

સુવેન્દુ અધિકારી હાલમાં પશ્ચિમ બંગાળના રાજકારણમાં ભાજપનો સૌથી અગ્રણી ચહેરો છે. તેઓ રાજ્ય વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા પણ છે. તેમનું રાજકીય મહત્ત્વ પૂર્વ મેદિનીપુર જેવા જિલ્લાઓમાં તેમની મજબૂત સંગઠનાત્મક પકડ અને મુખ્ય બેઠકો પર સમર્થન મેળવવાની તેમની ક્ષમતામાં રહેલું છે. તેઓ એક સમયે તૃણમૂલ કોંગ્રેસમાં મુખ્યમંત્રી મમતા બેનરજીના નજીકના સહયોગી હતા અને રાજ્ય સરકારમાં પ્રભાવશાળી મંત્રી પદો પર હતા. જો કે ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણી પહેલાં



તેઓ ટીએમસી છોડીને ભાજપમાં જોડાયા હતા. સુવેન્દુ અધિકારી અને મમતા બેનરજી વચ્ચેનો ઝઘડો રાજ્યના રાજકારણમાં સૌથી વધુ ચર્ચિત ઘટનાઓમાંનો એક રહ્યો છે. બંને નેતાઓએ ઘણી વાર તીક્ષ્ણ હુમલાઓની આપ-લે કરી છે. આ જ કારણ છે કે સુવેન્દુને ભાજપનો સૌથી મજબૂત મુખ્ય મંત્રીનો ચહેરો માનવામાં આવે છે. તેઓ મમતા બેનરજીના નેતૃત્વને સીધો પડકાર આપે છે. આ વખતે તેમણે ભવાનીપુર વિધાનસભા બેઠક પરથી વિદાય લેતા મુખ્યમંત્રી મમતા બેનરજીને ૧૫ હજારથી વધુ મતોથી હરાવ્યા છે. જો તેમના દાવામાં કોઈ સમસ્યા હશે, તો તે તેના ભૂતકાળને કારણે હશે. સુવેન્દુ અધિકારી પહેલાં ટીએમસીમાં હતા અને જો તેમને મુખ્ય મંત્રી બનાવવામાં આવે તો જૂના ભાજપના કાર્યકરોમાં એવી લાગણી પેદા થશે કે ટીએમસી એક અલગ સ્વરૂપમાં પાછી આવી છે. સુવેન્દુ RSS પૃષ્ઠભૂમિમાંથી નથી આવતા અને તેમના મુખ્ય મંત્રી બનવાથી પશ્ચિમ બંગાળ રાજ્ય ભાજપનાં અન્ય જૂથો અસ્વસ્થતા અનુભવી શકે છે.

મુખ્યમંત્રી પદના ઉમેદવાર માટે બીજા એક મુખ્ય દાવેદાર દિલીપ ઘોષ છે, જે ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ છે. જો આ મામલે RSS અને BJP સાથે સંકળાયેલો કોઈ પ્રખ્યાત ચહેરો હોય તો તે દિલીપ ઘોષ છે. તેમણે પશ્ચિમ બંગાળમાં પક્ષના પાયાના વિસ્તરણમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમના કાર્યકાળ દરમિયાન ભાજપે તેના સંગઠનાત્મક માળખાને નોંધપાત્ર રીતે મજબૂત બનાવ્યું હતું અને ખાસ કરીને ૨૦૧૯ ની લોકસભા ચૂંટણીમાં એક મજબૂત વિપક્ષી દળ તરીકે ઉભરી આવ્યું હતું. દિલીપ ઘોષ તેમની આક્રમક રાજકીય શૈલી અને પાયાના સ્તરે હાજરી માટે જાણીતા છે. તેઓ હવે પ્રદેશ પ્રમુખ ન હોવા છતાં ભારતીય જનતા પાર્ટીમાં એક પ્રભાવશાળી વરિષ્ઠ નેતા તરીકે જાણીતા છે. તેમની પાસે RSSની પૃષ્ઠભૂમિ છે. ઓડિશાની સરહદે આવેલા ખડગપુર જેવા વિસ્તારોમાં તેમણે OBC અને અનુસૂચિત જાતિઓમાં કામ કર્યું છે અને આના કારણે તેમની જીત થઈ છે. આરએસએસમાં દિલીપ ઘોષની સારી છબી છે, પરંતુ એવું લાગતું નથી કે આરએસએસ દિલીપ ઘોષને મુખ્ય મંત્રી બનાવવા માટે દબાણ લાવશે.

શમિક ભટ્ટાચાર્ય હાલમાં પશ્ચિમ બંગાળ ભાજપના પ્રમુખ છે અને રાજ્યમાં ભાજપના સંગઠનાત્મક નેતૃત્વનું પ્રતિનિધિત્વ કરે છે, તેથી તેમનું નામ દાવેદારોમાં ગણવામાં આવી રહ્યું છે. શમિક ૧૯૭૪માં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)માં જોડાયા હતા. ત્યાર બાદ તેમને ભાજપ યુવા મોરચા, દક્ષિણ હાવડા વિભાગના મહાસચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમણે સતત ૧૧ વર્ષ સુધી આ પદ સંભાળ્યું હતું. ત્યાર બાદ, તેમણે સતત ત્રણ ટર્મ સુધી રાજ્ય ભાજપના મહાસચિવ તરીકે સેવા આપી હતી. શમિકે ૨૦૦૬માં પહેલી વાર ભાજપની ટિકિટ પર શ્યામપુર બેઠક પરથી વિધાનસભા ચૂંટણી લડી હતી, પરંતુ હારી ગયા હતા. તેઓ લાંબા સમયથી ભાજપના સમર્પિત કાર્યકર રહ્યા છે. જ્યારે ૨૦૨૫ માં સુકાંત મજુમદારના સ્થાને નવા પ્રદેશ ભાજપ પ્રમુખનું નામ જાહેર કરવામાં આવ્યું, ત્યારે શમિક ભટ્ટાચાર્યનું નામ મુખ્ય દાવેદારોમાં નહોતું. પરંતુ જ્યારે તેમને પ્રદેશ પ્રમુખ બનાવવામાં આવ્યા, ત્યારે તેમનો પહેલો પડકાર જૂથવાદને દૂર કરવાનો હતો.

ભૂતપૂર્વ પત્રકાર સ્વપ્ન દાસગુપ્તાના નામની પણ ચર્ચા પશ્ચિમ બંગાળના આગામી મુખ્ય મંત્રી તરીકે થઈ રહી છે. જો કે, પશ્ચિમ બંગાળના રાજકારણમાં તેમનું કોઈ ખાસ સ્થાન નથી. ભાજપના મોવડીમંડળ સાથેનાં તેમનાં સમીકરણને ધ્યાનમાં રાખીને તેમનાં નામની પણ ચર્ચા થઈ રહી છે. તેમને ૨૦૧૬ માં રાજ્યસભામાં નામાંકિત કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૧ માં તેમને ફરીથી નામાંકિત કરવામાં આવ્યા અને રાજ્યસભાના સભ્ય બનાવવામાં આવ્યા હતા, પરંતુ છ મહિનાની અંદર તેમણે પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી લડવા માટે રાજીનામું આપી દીધું. તે સમયે એક વિવાદ પણ ઊભો થયો હતો કે જ્યારે તેઓ સંસદસભ્ય હતા ત્યારે તેમની ઉમેદવારી જાહેર કરવામાં આવી હતી. સ્વપ્ન દાસગુપ્તાએ અનેક અખબારોમાં વરિષ્ઠ સંપાદકીય હોદ્દા સંભાળ્યા હતા. ૨૦૧૫ માં ભારત સરકાર દ્વારા તેમને પદ્મભૂષણથી નવાજવામાં આવ્યા હતા. સંસદની વેબસાઇટ અનુસાર તેઓ ૨૦૧૫થી ૨૦૨૧ સુધી નેહરુ મેમોરિયલ મ્યુઝિયમની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય હતા. આ ઉપરાંત તેઓ માનવસંસાધન મંત્રાલય હેઠળની વિદેશ બાબતોની સમિતિ અને NITSER સહિત ઘણી પસંદગી સમિતિઓના સભ્ય પણ હતા. સિલિગુડીના ભાજપના ધારાસભ્ય શંકર ઘોષની ગણતરી ઉત્તર બંગાળના મહત્ત્વપૂર્ણ પ્રાદેશિક નેતાઓમાં થાય છે. શંકર ઘોષ સીપીએમના કટ્ટર સામ્યવાદી રહ્યા છે. ઉત્તર બંગાળમાં તેમનો ઘણો પ્રભાવ છે. ૨૦૨૧ માં તેઓ ભાજપમાં જોડાયા અને સિલિગુડીથી તેમની બેઠક જીતી હતી. આ વખતે તેઓ ભાજપના તેવા ઉમેદવારોમાં સામેલ છે જેમણે સારા માર્જિનથી જીત મેળવી છે. આ પાંચ નેતાને બદલે ભાજપ કોઈ છઠ્ઠાને મુખ્ય મંત્રી બનાવે તો પણ નવાઈ નહીં લાગે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**ગુજરાતમાં છેક છેલ્લી ઘડીએ ભૂપેન્દ્ર પટેલનું નામ મુખ્ય મંત્રી તરીકે જાહેર કરવામાં આવ્યું હતું તેમ મોવડીમંડળ પોતાની તાકાત દેખાડવા કોઈ નવા ચહેરાને પણ મુખ્ય મંત્રી બનાવી શકે છે**

## BUSINESS મિત્ર

**સેન્સેક્સ 940.73 પોઇન્ટ ઉછળ્યો, રોકાણકારોની સંપત્તિમાં 6 લાખ કરોડનો વધારો**

# ઈરાન-અમેરિકા શાંતિ કરારની આશાએ શેરબજારમાં ઉત્સાહ

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 6:** ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ વિરામ બાદ શાંતિ કરારની દિશામાં આગળ વધ્યું છે અને આ કરાર થઈ જવાના આશાવાદની પાછળ આજે ભારતીય શેરબજાર સહિત વૈશ્વિક બજારોમાં મજબૂતાઈ જોવા મળી છે. આ શાંતિ કરારના આશાવાદની પાછળ ક્રુડ ઓઈલના ભાવમાં કડાકો બોલાયો છે અને ડોલરમાં પણ નરમાઈ રહેતા રૂપિયો મજબૂત થઈને 94ની નજીક સરકતો જોવા મળ્યો છે.

આવતીકાલે સેન્સેક્સની વીકલી એક્સપાયરી પુર્વે શેરબજારમાં સુધારા સાથે સાવચેતીનું વલણ રહ્યું હતું, પણ મિડ સેશન બાદ શાંતિ કરારના અહેવાલના પગલે શેરબજારમાં ઝડપી ઉછાળો જોવાયો હતો. ખાસ કરીને મેટલ, પેઈન્ટસ, ઓઈલ માર્કેટીંગ કંપનીના શેરોમાં ઝડપી તેજી જોવા મળી હતી. જેમાં નિફ્ટીએ 24300 પોઈન્ટની સપાટી કુદાવી હતી. જેમાં રોકાણકારોએ રૂ. 6 લાખ કરોડની કમાણી કરી હતી.

ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટમાં વ્યાપારી જહાજોની સુરક્ષા માટે નોકાદળના ઓપરેશન પ્રોજેક્ટ ફ્રીડમને અસ્થાયી રૂપે રોકવાની જાહેરાત કર્યા બાદ ઈરાન સાથે સમાધાનની આશા વધી છે. જેની પાછળ ભારતીય શેરબજારમાં સેન્સેક્સ તથા નિફ્ટી એક-એક ટકા વધ્યા હતા, જ્યારે બ્રોડર માર્કેટમાં બે-બે ટકાનો વધારો થયો છે. સેક્ટર વાઈઝ જોઈએ તો એફએમસીજી સેક્ટરને બાદ કરતા એનએસઈના તમામ સેક્ટરો પોઝિટિવ રહ્યા હતા. જેમાં બેન્કીગ અને ઓટો શેરોમાં ઉછાળો જોવાયો હતો.

આ ઉપરાંત, ઘરેલુ સ્તરે મેન્યુફેક્ચરીંગ સેક્ટરમાં મજબૂતાઈ રહ્યા બાદ આજે સર્વિસીસ સેક્ટરમાં સુધારો જોવાયો હતો. એચએસબીસી ઈન્ડિયા સર્વિસીસ પીએમઆઈ ઈન્ડેક્સ 57.5 વધીને 58.8 થયો હતો. જ્યારે ઈન્ડિયા કમ્પોઝિટ પીએમઆઈ આઉટપુટ ઈન્ડેક્સ એપ્રિલમાં 57થી વધીને 58.2 થયો હતો.

બીએસઈ સેન્સેક્સ 940.73 પોઈન્ટ એટલે કે 1.22 ટકા વધીને 77958.52 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 78000 પોઈન્ટની સપાટી કુદાવીને 78022 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77000 પોઈન્ટની સપાટી તોડીને 76773 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટીએ 24300 પોઈન્ટની સપાટી કુદાવી હતી. આજે નિફ્ટી 298.15 પોઈન્ટ એટલે કે 1.24 ટકા વધીને 24330.95 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24356 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24000 પોઈન્ટની સપાટી તોડીને 23997 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1434 પોઈન્ટ એટલે કે 2.63 ટકા વધીને 55981.05 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં 56000 પોઈન્ટની સપાટી કુદાવી હતી.

બીએસઈ ખાતે બાસ્ફ ઈન્ડિયામાં 28.11 ગણા, આધાર હાઉસીંગ ફાઈ.માં 12.3 ગણા, કોફોર્જ લિ.માં 10.21 ગણા, અંજતા ફાર્મામાં 7.9 ગણા અ જેકે સિમેન્ટમાં 6.88 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે તેજસ નેટવર્કમાં 13.15 ગણા, કોફોર્જ લિ.માં 11.61 ગણા, અજંતા ફાર્મામાં 9.68 ગણા, એસઆરએફ લિ.માં 8.11 ગણા, વોકહાર્ટ લિ.માં 7.38 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ઝડપી મજબૂતાઈ જોવા મળી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 1.65 ટકા ઉછળ્યા હતા, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 1.74 ટકા ઉછળ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહી હતી. બીએસઈ ખાતે 2876 શેરો વધ્યા હતા, જ્યારે 1348 શેરો ઘટયા હતા અને 175 શેરો યથાવત રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે ઈરાન-અમેરિકા વચ્ચે શાંતિ કરારના આશાવાદે યુરોપિયન બજારો સુધારા સાથે આગળ વધ્યા છે. યુદ્ધના અંતની સંભાવનાએ વૈશ્વિક બજારોમાં મજબૂતાઈ જોવા મળી હતી. જેના લીધે ક્રુડ ઓઈલના ભાવ ઘટાડો થયા પછી અને મજબૂત કમાણીએ રોકાણકારોના સેન્ટમેન્ટને વધાર્યા પછી, એશિયન બજારો પણ વોલસ્ટ્રીટની પાછળ ઉંચા બંધ રહ્યા હતા. મીડલ ઈસ્ટની કટોકટીના ઉકેલ માટેના રાજદ્વારી પ્રયાસોનો સંકેત આપતા ટ્રમ્પે કહ્યું કે, હોર્મુઝ સ્ટ્રેટના જહાજોની નાકાબંધીના કાર્ય રોકી દેવામાં આવશે, જેથી વૈશ્વિક બજારોમાં મજબૂતાઈ જોવા મળી હતી. યુરોપિયન બજારોમાં એફટીએસઈ 2.49 ટકા, કેક 3.23 ટકા અને ડેક્સ 2.29 ટકા સુધારા સાથે ચાલી રહ્યા હતા. એશિયન બજારોમાં સ્ટ્રેઈટસ0.14 ટકા, હેંગસેંગ 1.23 ટકા, તાઈવાન 0.90 ટકા, કોસ્પી 6.06 ટકા જકાર્તા 0.50 ટકા અને શાંઘાઈ 1.14 ટકા ઉછાળા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયો રીકવર, 95ની નીચે

કરન્સી બજારમાં રૂપિયામાં ઝડપી રીકવરી જોવા મળી હતી. ઇરાન-અમેરિકા વચ્ચેના શાંતિ કરારના આશાવાદે ક્રુડ ઓઇલના ભાવમાં ઝડપી ઘટાડો જોવાયો હતો. ડોલરની સામે રૂપિયો 68 પૈસા રીકવર થઇને 95ની નીચે સરકીને 94.61ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.29ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 111.30, પાઉન્ડ 129.60, ઓસ્ટ્રેલિયન ડોલર 68.11, જાપાનીઝ યેન 0.6055 અને સીંગાપોર ડોલર 74.49ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 94.61 રૂ. |
| યુરો | 111.30 રૂ. |
| પાઉન્ડ | 129.60 રૂ. |
| યેન | 0.6055 રૂ. |

| | | |
|---|---|---|
| **સેન્સેક્સ** | 940.73 | 77958.52 |
| **નિફ્ટી** | 298.15 | 24330.95 |
| **બેન્ક નિફ્ટી** | 1434.00 | 55981.05 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ એવીએશન | 6.65 | 4520.20 |
| ટીએમપીવી | 5.29 | 358.15 |
| શ્રીરામ ફાઇનાન્સ | 4.12 | 1004.10 |
| ટ્રેન્ટ | 3.73 | 4289.80 |
| એશિયન પેઇન્ટસ | 3.66 | 2519. |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઓએનજીસી | 3.16 | 280.80 |
| રિલાયન્સ ઇન્ડ. | 1.76 | 1437.90 |
| લાર્સન-ટુબ્રો | 1.13 | 4008.50 |
| પાવરગ્રીડ | 1.10 | 315.95 |
| એનટીપીસી | 0.95 | 394.85 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ એવીએશન | 6.60 | 4519.55 |
| ટ્રેન્ટ | 3.91 | 4292.60 |
| એશિયન પેઇન્ટસ | 3.56 | 2518.85 |
| એસબીઆઇ | 3.38 | 1095.60 |
| એચડીએફસી બેન્ક | 3.11 | 796.60 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| રિલાયન્સ ઇન્ડ. | 1.80 | 1437.85 |
| લાર્સન-ટુબ્રો | 1.18 | 4008.35 |
| પાવરગ્રીડ | 1.11 | 315.75 |
| એનટીપીસી | 1.00 | 394.70 |
| એચસીએલ ટેકનો | 0.97 | 1188.90 |

### યાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૨ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૪.૫ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૩ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૪૨ |
| ૬૮/૩૬ | ૧૪૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૮.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૬.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૯ | ૮૦/૭૨ રોટો | ૧૩૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૩૬ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૭ |

### તેલ બજાર સુરત
૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૦૦ | કોપરેલ | ૫૩૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૮૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૫ | સનફ્લાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૬૫૦ | તલતેલ | ૫૧૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૪૦૦ | દિવેલ | ૨૪૭૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૫૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

### સોના-ચાંદી સુરત
(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૫૦૫૦ |
| તેજાબી સોનું | ૧૫૪૯૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૭૩૦૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૧૯૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૫૦૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૫૩૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૬૮૦૦ |

# શેરબજારમાં ડીઆઈઆઈનું વર્ચસ્વ, એફઆઈઆઈના રોકાણમાં ઘટાડો

**નિફ્ટી** 500માં ડીઆઇઆઇનો શેર રેકોર્ડ હિસ્સો 20.9 ટકા પર પહોંચ્યો

મુંબઇ, તા. 16: વૈશ્વિક અનિશ્ચિતતા અને ભૌગોલિક રાજકીય તણાવ વચ્ચે ભારતીય શેરબજારોમાં માળખાકીય ફેરફાર જોવા મળી રહ્યો છે. જ્યારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો સતત બજારમાંથી નાણાં ઉપાડી રહ્યા છે, ત્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો બજાર માટે સૌથી મોટા સપોર્ટ તરીકે ઉભરી આવ્યા છે. મોતીલાલ ઓસવાલ ફાઇનાન્શિયલ સર્વિસિસે જાહેર કરેલા એક અહેવાલ મુજબ માર્ચ ક્વાર્ટરમાં નિફ્ટી 500 કંપનીઓમાં ડીઆઈઆઈનો હિસ્સો વધીને 20.9 ટકાના રેકોર્ડ સ્તરે પહોંચ્યો છે, જ્યારે વિદેશી રોકાણકારોની માલિકી ઘટીને 17.1 ટકા થઈ ગઈ છે.

રિપોર્ટઅનુસાર, નાણાકીય વર્ષ 2026માં ઈરાન-ઈઝરાયલ અને યુએસ વચ્ચે વધતા ભૌગોલિક રાજકીય તણાવને કારણે વૈશ્વિક બજારોમાં અસ્થિરતા જોવા મળી હતી. આ સમયગાળા દરમિયાન વિદેશી રોકાણકારોનું વલણ નેગેટિવ રહ્યું હતું, પરંતુ સ્થાનિક રોકાણકારોએ બજારને સ્થિર રાખવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

ડીઆઈઆઈએ જાન્યુઆરીથી માર્ચ 2026ના સમયગાળા દરમિયાન સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન-એસઆઈપી દ્વારા સતત આવતા ભંડોળના સમર્થનથી બજારમાં 27.2 અબજ ડોલરનું રોકાણ કર્યું હતું. તેનાથી વિપરીત, આ જ સમયગાળામાં એફઆઈઆઈનો પ્રવાહ અસ્થિર રહ્યો હતો અને તેણે 15.8 અબજ ડોલરનું ચોખ્ખું વેચાણ કર્યું હતું. એકલા માર્ચમાં જ ભૌગોલિક રાજકીય તણાવમાં વધારો થવાને કારણે વિદેશી રોકાણકારોએ 14.2 અબજ ડોલર ઉપાડ્યા હતા.

નિફ્ટી 500ના કુલ માર્કેટ કેપિટલાઈઝેશનમાં ફોરવર્ડ લુકિંગલાર્જકેપ, મિડકેપ અને સ્મોલકેપ શેરોનો હિસ્સો અનુક્રમે 67 ટકા, 22 ટકા અને 11 ટકા રહ્યો છે. અહેવાલમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે કે સ્થાનિક રોકાણકારો બજારની વધઘટને શોષવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી રહ્યા છે. આગળના બજારના દષ્ટિકોણ પર, મોતીલાલ ઓસ્વાલના અહેવાલમાં આગાહી કરવામાં આવી છે કે જેમ જેમ યુદ્ધનો તણાવ ઓછો થાય છે, તેમ તેમ વિદેશી રોકાણકારો માટે વધુ સારા વાતાવરણની પ્રબળ સંભાવના છે. વિદેશી વેચાણમાં ઘટાડાને પણ બજાર દ્વારા હકારાત્મક લેવામાં આવશે, અને જો સંપૂર્ણ હકારાત્મક રોકાણ પાછું આવે છે, તો બજારમાં વધુ તીવ્ર તેજી જોવા મળી શકે છે.

# 2026ના અંત સુધી રૂપિયો 95 પ્રતિ ડોલરની આસપાસ રહેશે

**ભારત** આંતરરાષ્ટ્રીય તણાવ અને ક્રુડ ઓઇલના ભાવમાં વધઘટની સીધી અસર રૂપિયા ઉપર પડે છે

નવી દિલ્હી, તા. 6: અમેરિકન ફિચ ગ્રુપની કંપની બીએમઆઇના તાજેતરના અહેવાલ મુજબ, ભારતીય રૂપિયો 2026ના અંત સુધીમાં અમેરિકન ડોલર સામે લગભગ 95 રૂપિયાની મર્યાદિત રેન્જમાં રહી શકે છે. રૂપિયો હાલમાં 95.20 પ્રતિ ડોલરની આસપાસ ટ્રેડ કરી રહ્યો છે.

અમેરિકન ફિચ ગ્રુપની કંપની બીએમઆઈના તાજેતરના અહેવાલ મુજબ, 2026ના અંત સુધીમાં ભારતીય રૂપિયો અમેરિકન ડોલર સામે લગભગ 95 રૂપિયાની મર્યાદિત રેન્જમાં રહી શકે છે. રૂપિયો હાલમાં 95.20 પ્રતિ ડોલરની આસપાસ ટ્રેડ કરી રહ્યો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વૈશ્વિક ભૌગોલિક રાજકીય તણાવ, ખાસ કરીને યુએસ-ઈરાન સંઘર્ષ, ઉભરતી બજાર ચલણો પર દબાણ લાવી રહ્યું છે, પરંતુ ભારતના કિસ્સામાં, ઘટાડો તીવ્ર નહીં હોય. ભારત એક મુખ્ય ઊર્જા આયાત કરતો દેશ છે, તેથી આંતરરાષ્ટ્રીય તણાવ અને ક્રુડ ઓઈલના ભાવમાં વધઘટની સીધી અસર રૂપિયા પર પડે છે. માર્ચ-એપ્રિલ 2026માં રૂપિયો લગભગ 4 ટકા નબળો પડ્યો હતો. બીએમઆઈનો અંદાજ છે કે ચાલુ નાણાકીય વર્ષ 2026-27માં ભારતનો આર્થિક વૃદ્ધિ દર 7.6 ટકા અને ફુગાવો 3.4 ટકા હોઈ શકે છે, જે આર્થિક સ્થિરતા સૂચવે છે પરંતુ બાહ્ય દબાણનું જોખમ યથાવત છે.

રિપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે સંઘર્ષ અને વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે ભારતની ચાલુ ખાતાની ખાધ જીડીપીના 1.3 ટકા સુધી વધી શકે છે.